# બનાસકાંઠા ડિસ્ટ્રિકટ કેળવણી મંડળ, પાલનપુર
સંચાલિત

# આર.આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ
# સી.એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુર

એસ. ટી. વર્કશોપની સામે, હાઈવે, પાલનપુર–૩૮૫૦૦૧ (બ.કાં.) ફોન : ૦૨૭૪૨–૨૫૯૯૫૭
E-Mail : rrmsclpcpalanpur@gmail.com FAX No. : 91-02742-256645
Re-accredited by NAAC: Grade B


જા.નં

તારીખ: ૧૭–૦૨–૨૦૨૪

**યુનિવર્સિટી પરીક્ષા ફોર્મ ભરેલ ન હોવાથી યુનિવર્સિટી પરીક્ષામાં બેસી શકશે નહીં તેવા વિદ્યાર્થીઓએ રૂા. ૨૫૦૦/– લેઈટ ફી સાથે પરીક્ષા ફોર્મ ભરવા અંગેની જાણ થવા અંગે.**

બી.કોમ. / બી. એસસી. સેમ. ૪ અને ૬ માં અભ્યાસ કરતા નીચે જણાવેલ વિદ્યાર્થી ભાઈ / બહેનોને જણાવવાનું કે, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના તા. ૦૧–૦૧–૨૦૨૪ના પરિપત્ર મુજબ જુન – ૨૦૨૩ થી રાષ્ટ્રિય શિક્ષણ નીતિનો અમલ થતો હોઈ તમામ વિદ્યાર્થીઓના નવી શિક્ષણ નીતિ – ૨૦૨૦ મુજબ એકેડેમિક બેંક ઓફ ક્રેડીટ (ABC) માટે રજીસ્ટ્રેશન કરાવી એકાઉન્ટ બનાવવું ફરજીયાત છે. ABC માં રજીસ્ટ્રેશન નંબર નહીં હોય તેવા વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ ભરી શકાશે નહીં. તેના સંદર્ભે અત્રેની કોલેજ ધ્વારા વિગતવાર નોટીસ તૈયાર કરી તા. ૦૮–૦૧–૨૦૨૪ ના રોજ કોલેજની વેબસાઈટ પર મુકવામાં આવી હતી અને કોલેજના નોટીસ બોર્ડ પર પણ પ્રસિધ્ધ કરવામાં આવી હતી.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના તા. ૩૧–૦૧–૨૦૨૪ના પરિપત્ર અનુસાર ટેકનીકલ કારણોસર જે વિદ્યાર્થીઓના ABC ID ન બની શક્યા હોય તો તેવા વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી પરીક્ષાના ફોર્મ મેન્યુઅલ ભરવાના રહેશે. તેના સંદર્ભે અત્રેની કોલેજ ધ્વારા વિગતવાર નોટીસ તૈયાર કરી તા. ૦૧–૦૨–૨૦૨૪ના રોજ કોલેજની વેબસાઈટ પર મુકવામાં આવી હતી. અને તા. ૦૨–૦૨–૨૦૨૪ના રોજ પરીક્ષા ફોર્મ કાર્યાલયમાં ભરી જવા જણાવવામાં આવેલ હતુ.

ત્યાર બાદ કોલેજ ધ્વારા તા. ૦૮–૦૨–૨૦૨૪ની નોટીસથી રૂા. ૫૦૦/– લેઈટ ફી સાથે તા. ૦૯–૦૨–૨૦૨૪ થી ૧૨–૦૨–૨૦૨૪ સુધી પરીક્ષાના મેન્યુઅલ ફોર્મ ભરી જવા જણાવેલ હતુ. પરંતુ હજુ કેટલાક વિદ્યાર્થીઓએ પરીક્ષા ફોર્મ ભરેલ નથી. **તેથી હવે જે વિદ્યાર્થીઓએ કોલેજની ફી ભરેલ હોય અને પરીક્ષા ફોર્મ ભરવાના બાકી હોય તેઓએ તા. ૧૯–૦૨–૨૦૨૪ થી તા. ૨૧–૦૨–૨૦૨૪ સુધીમાં રૂા. ૨૫૦૦/– લેઈટ ફી સાથે બપોરે ૧૨–૦૦ થી ૧–૦૦ દરમ્યાન કાર્યાલયમાં પરીક્ષાના મેન્યુઅલ ફોર્મ રૂબરૂ આવી ભરી જવા.**

ઉપરોકત નોટીસો પ્રસિધ્ધ કરવા છતાં જે વિદ્યાર્થી યુનિવર્સિટી પરીક્ષાના ફોર્મ મેન્યુઅલ ભરેલ નહી હોય તેવા તમામ વિદ્યાર્થીઓના યુનિવર્સિટી ધ્વારા પરીક્ષાના નંબરો ફાળવવામાં આવશે નહી જેના લીધે આ વિદ્યાર્થીઓ યુનિવર્સિટી પરીક્ષામાં બેસી શકશે નહી. જેની સર્વ વિદ્યાર્થી ભાઈ / બહેનોએ નોંધ લેવી.

17/02/2024

આચાર્ય
આર. આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ અને
સી. એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ,
પાલનપુર - ૩૮૫૦૦૧

\\Rrmsclpc02adjsm\2012-13\g_leterpad.doc 845